# <u>વિદ્યુતીકરણના કામ માટે ઈજારદારશ્રીઓને અગત્યની સુચનાઓ</u>

(૧) સિવિલ કામ કરતા સાથે કરવાના થતા વિદ્યુતીકરણનાં કામ સરકારશ્રી દ્વારા નિયત લાયસન્સ ધરાવતા ઈલેકટ્રીશીયન અથવા વાયરમેન દ્વારા કરાવવાના રહેશે. સિવિલ કામ સાથે જેટલી રકમનું વીજળીકરણનું કામ હશે તે કિંમતના પ્રમાણમાં માર્ગ અને મકાન (વિદ્યુત) વિભાગ પ્રમાણે જે તે કેટેગરીમાં નોંધાયેલ વિદ્યુત ઈજારદાર પાસે કામ કરાવવાનું રહેશે.

(૨) કામના ઈન્ચાર્જ ઈજનેર દ્વારા વિદ્યુતીકરણના કામ કરતા ઈલેકટ્રીશીયન અને વાયરમેનનુ જયારે સરકારશ્રી દ્વારા ઈશ્યુ કરેલ લાયસન્સની માંગણી કરવામાં આવે ત્યારે અસલમાં ચકાસણી અર્થે રજુ કરવાનું રહેશે.

(૩) જે ઈજારદાર કામ આપવામાં આવે ત્યારે ઈજારદારશ્રીએ સિવિલ કામ સાથે વિદ્યુતીકરણનું કામ સરકારશ્રી દ્વારા આપેલ નોંધણી ધરાવતા વિદ્યુતની કામગીરી માટેના ઈજારદારની નોંધણીનું પ્રમાણિત લાયસન્સ ધરાવતા ઈલેકટ્રીશીયન અને વાયરમેનનુ નામ તેની વિગતો વર્ક ઓર્ડર આપતા પહેલા આ કચેરીને રજુ કરવાની રહેશે જેથી વિદ્યુતીકરણના કામની કામગીરી દરમ્યાન ક્ષતિયુકત કામગીરીથી કોઈ જીવલેણ અકસ્માતનો પ્રસંગ ઉપસ્થિત થાય તો આ કચેરી દ્વારા નિયમ અનુસાર કાયદાકીય પગલા લેવાની સરળતા રહે.

(૪) વિદ્યુતીકરણના કામોમાં વપરાશમાં લેવાના થતા માલસામાન, સાધનો, ઈકવીપમેન્ટસ સરકારશ્રીના વિદ્યુત વિભાગ દ્વારા મંજુર કરેલ પ્રમાણિત કેટેગરીના જ રહેશે. જો તેની નિયત ગુણવત્તા માટે સરકારશ્રીની માન્ય સંસ્થા જેવી કે 'એરડા' વડોદરામાં ટેસ્ટીગ કરાવવાનો પ્રશ્ન થશે તો તે અંગેના ટેસ્ટીગનો ખર્ચ ઈજારદારશ્રીએ ચુકવવાનો રહેશે.

(૫) વિદ્યુતીકરણ કામમાં વપરાશમાં લીધેલ માલસામાન અને ઈકવીપમેન્ટસ નિયત માપદંડ વગરના તેમજ તાંત્રીક ગુણવત્તા ન ધરાવતા ધ્યાને આવતાં તુર્તજ સુચના અનુસાર બદલાવવાના રહેશે. અને તેનું નિયત ચુકવણુ ત્યારબાદ જ કચેરી દ્વારા ઈજારદારશ્રીને બીલમાં કરવામાં આવશે.

(૬) વિદ્યુતીકરણના કરેલ કામના જે તે ટેસ્ટીગ રીપોર્ટ નિયમનુસાર જે તે વિદ્યુત સપ્લાય કંપની પાસેથી મેળવી આપવાની કામગીરી અને તે અંગે ચુકવવી પડતી રકમ ઈજારદારશ્રીએ ચુકવવાની રહેશે. અને તે અંગે આ કચેરી તરફથી આવી કોઈ પ્રકારની અલગ ફી ની ચુકવણી કરવામાં આવશે નહિ.

(૭) નવા વિદ્યુત જોડાણ માટે જી.ઈ.બી. અથવા એ.ઈ.સી. ને ચુકવવાની થતી નિયમનુસારની રકમ પ્રથમ ઈજારદારશ્રીને ચુકવવાની રહેશે. અને ત્યારબાદ ચુકવેલ રકમના બીલ અને વાઉચર આ કચેરીમાં રજુ કરતાં તે રકમ ઈજારદારશ્રીને પરત કરવામાં આવશે.

**ઠેકેદારશ્રીની સહી – સિકકો**